# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **ગિફ્ટ સિટી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રમાં ફંડ વર્ષ 2030 સુધી 100 અબજ ડોલરને પાર થશે.**
2. **ભાવનગરથી ધોલેરા સુધી અંદાજે 65 કિલોમીટર લાંબી નવી રેલવે લાઈનના નિર્માણને મંજૂરી.**
3. **ગણેશ ઉત્સવને પગલે રાજ્યમાં 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-2025'નું આયોજન કરાશે.**
4. **કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં આજે ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ.**
5. **સ્ટેટ રેંકિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં જયનીલ મહેતાએ અને ફ્રેનાઝ ચિપિયાએ ખિતાબ જીત્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GIFTCITY IFSC

ગિફ્ટ સિટી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર **I.F.S.C.**માં ફંડ વર્ષ 2030 સુધીમાં 100 અબજ ડોલરને પાર થશે . અગ્રણી વૈકલ્પિક રોકાણ મંચ દ્વારા આ અંદાજ વ્યક્ત કરાયો છે.

**I.F.S.C.**ના જણાવ્યા મુજબ જૂન 2025 સુધીમાં કુલ એસેટ મેનેજમેન્ટ કમિટમેન્ટ્સ અને **A.U.M.** 23.5 અબજ **U.S.** ડોલરે રહી હતી. જે 35 ટકાના અંદાજિત વૃદ્ધિદર સાથે તે 100 અબજ **U.S.** ડોલરનો આંક વટાવે તેવી સંભાવના છે.

આજે ગિફ્ટ સિટી ક્લબ ખાતે ગિફ્ટ સિટી ફંડ્સ કોન્ક્લેવ 2025નું આયોજન કરાયું છે. આ કોન્ક્લેવમાં ભારતની ભંડોળ સંચાલન માળખાના ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે નીતિ ઘડનારાઓ , ફંડ મેનેજર્સ અને **N.R.I.** તથા વૈશ્વિક રોકાણકારો ઉપસ્થિત રહેશે.

---

# BHAVNAGAR-DHOLERA RAILWAY

ભાવનગરથી ધોલેરા સુધી અંદાજે 65 કિલોમીટર લાંબી નવી રેલવે લાઈનના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ સોશિયલ મીડિયાના સંદેશમાં આ અંગેની જાણકારી આપી હતી.

આ રેલવે લાઈનના નિર્માણથી ભાવનગર –ધોલેરા વિસ્તાર વચ્ચેનું ઔદ્યોગિક, આર્થિક અને પ્રવાસન જોડાણ વધુ મજબૂત બનશે. સ્થાનિક સ્તરે

રોજગારની તકોમાં વધારો થશે અને સમગ્ર વિસ્તારમાં સર્વાંગી વિકાસને નવી ગતિ મળશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ત્રણ કેન્દ્રીય મંત્રીઓએ ભાવનગરની મુલાકાત લીધી હતી.

---

## COMMUNITY RADIO WORKSHOP

માહિતી અને પ્રસારણ મંત્રાલયે, વિશ્વાસ જ્ઞાન પ્રબોધિની અને સંશોધન સંસ્થા, નાસિક મહારાષ્ટ્રના સહયોગથી, ભુજ કોમ્યુનિટી રેડિયો જાગૃતિ વર્કશોપનું આયોજન કરાયું હતું.

આ બે દિવસના આ વર્કશોપમાં મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગોવાના સહભાગીઓ હાજર રહ્યા હતા.

વિશ્વાસ જ્ઞાન પ્રબોધિનીના સીઈઓ ડૉ. હરિ કુલકર્ણીએ આકાશવાણી સાથેની વાતચીતમાં જણાવ્યું કે,

## બાઈટ - ડૉ. હરિ કુલકર્ણી

---

# GANESH SPARDHA

ગણેશ ઉત્સવને પગલે રાજ્યમાં 'શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-2025'નું આયોજન કરાશે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે , ઓપરેશન સિંદૂર ' પર આધારિત સુશોભન અને પ્રધાનમંત્રીના 'સ્વદેશી'ના આહ્વાન અંતર્ગત સ્વદેશી વસ્તુઓના ઉપયોગ એમ બે થીમ આધારે પંડાલની સ્પર્ધા યોજાશે.

તમામ શહેરો અને જિલ્લાઓમાં શ્રેષ્ઠ ગણેશ પંડાલો પૈકી પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારને પાંચ લાખ રૂપિયા, બીજા ક્રમને ત્રણ લાખ અને ત્રીજા ક્રમને એક લાખ 50 હજારના પુરસ્કાર અપાશે.

---

# GUJARAT RAIN (PAGE 1)

છેલ્લા 24 કલાકમાં રાજ્યના **212** તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વલસાડના પારડીમાં સાડા ત્રણ ઇંચ વરસાદ વરસ્યો છે. ધરમપુર , નવસારીના ખેરગામ અને સાબરકાંઠાના તલોદમાં બે ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 75 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. ત્યારે જળાશયોની સ્થિતિની વાત કરીએ તો રાજ્યના 70 જેટલા બંધ હાઈએલર્ટ પર છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ 80 ટકા ભરાયો છે. તેમાંથી હાલ 46 હજાર ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. રાજ્યના કુલ 55 બંધ સંપૂર્ણ ભરાયા છે.

અમરેલી જિલ્લાના ગાગડીયો નદી પરના તમામ જળાશયો ભરાઈ ગયા છે. દરમિયાન ઉપરવાસમાં સારા વરસાદને કારણે અમરેલીના ઠેબી બંધનો એક દરવાજો એક ફૂટ ખોલી **556** ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ત્યારે નીચાણવાળા વિસ્તારના લોકોને સાવચેત કરાયા છે.

રાજ્યમાં અત્યાર સુધી 5 હજાર 200થી વધુ લોકોનું સ્થળાંતર તેમજ 900 લોકોને બચાવાયા છે.

પોરબંદરની એક શાળામાં ફસાયેલા 40થી વધુ બાળકોને બચાવાયા હતા. આ અંગે વધુ માહિતી જિલ્લા કલેક્ટર એસ.ડી.ધાનાણીએ આપી.

## (બાઈટ – જિલ્લા કલેક્ટર એસ.ડી.ધાનાણી)

રાજ્યના ધોરીમાર્ગો સહિત કુલ 340 રસ્તાઓને બંધ કરાયા છે. ઉપરવાસમાં પડેલા વરસાદ બાદ કચ્છના અબડાસા તાલુકામાં બીટાથી નખત્રાણાનો માર્ગ બંધ કરાયો છે.

---

## AMRELI BOAT

અમરેલીના જાફરાબાદના શિયાળબેટની બે હોડીનો સંપર્ક તૂટ્યો હતો, જોકે બાદમાં બંને હોડીનો સંપર્ક થઇ ગયો છે. બંનેમાં સવાર **19** ખલાસી કિનારે આવી રહ્યા છે.

જોકે, મંગળવારે ડૂબેલી ત્રણ હોડીમાં ગુમ થયેલા **11** ખલાસીની હજી કોઇ ભાળ મળી નથી.

---

# WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં 27 ઓગસ્ટ સુધી માટે ભારે વરસાદની આગાહી કરી છે. કચ્છ , સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં આજે ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું.

જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, સુરેન્દ્રનગર, મોરબી, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં યલો એલર્ટ અપાયું છે.

એકસાથે 5 સિસ્ટમ સક્રિય હોવાથી રાજ્યમાં ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડો એ. કે. દાસે જણાવ્યુ.

## (બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ )

---

# TABLE TENNIS

વડોદરામાં રમાયેલી સ્ટેટ રેંકિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં જયનીલ મહેતાએ પુરુષ સિંગલ્સ અને ફ્રેનાઝ ચિપિયાએ મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો. જ્યારે આ બંને કેટેગરીમાં અનુક્રમે આયાઝ મુરાદ અને ફિલઝાહ ફાતેમા કાદરી ઉપવિજેતા બન્યા હતા.

પ્રથા પવારે બેવડા ખિતાબ જીત્યા તેને અંડર 19 ગર્લ્સની ફાઈનલમાં રીયા જયસ્વાલને અને અંડર 17માં મોઉબો ચેટરજીને હરાવ્યા હતા.

અંડર 19 બોયઝમાં જન્મેજય પટેલ અને અંડર 17માં વિવાન દવેએ ખિતાબ જીત્યો.

---

## KUTCH EARTHQUAKE

કચ્છમાં ગઈ રાત્રે  સાત મિનિટના અંતરમાં ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર આ બે આંચકાની તીવ્રતા 3.4 અને 2.7ની આંકવામાં આવી હતી.

પ્રથમ આંચકો 10ને 12 મિનિટે ભચાઉથી 20 કિલોમીટર દૂર નોંધાયો જ્યારે બીજો આંચકો 10ને 19 મિનિટે રાપરથી 19 કિલોમીટર દૂર નોંધાયો હતો.

---

## RAJKOT RAILWAY

ડબલિંગના કામના પગલે રાજકોટ મંડળના લાખાબાવળ અને પીપળી રેલવે મથકો પર આવતીકાલથી 30 નવેમ્બર સુધી કેટલીક ટ્રેનોનો સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ કરાયો છે.

રેલવે યાદીમાં જણાવ્યા અનુસાર    ઓખા-ભાવનગર એક્સપ્રેસ , ભાવનગર-ઓખા એક્સપ્રેસ, ઓખા-રાજકોટ લોકલ અને રાજકોટ-ઓખા લોકલ આવતીકાલથી 30 નવેમ્બર દરમિયાન લાખાબાવળ મથકે સ્ટેશને ઊભી રહેશે નહીં.

જ્યારે ઓખા-ભાવનગર એક્સપ્રેસ અને ભાવનગર-ઓખા એક્સપ્રેસ પણ 30 નવેમ્બર સુધી પીપળી મથકે ઊભી રહેશે નહીં.

---

# VIKAS KARY – KUVARJI BAVALIYA

રાજકોટમાં પાણી પૂરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ **351** લાખથી વધુના ખર્ચે નવ નિર્મિત જસદણ તાલુકાના કૂંદણી કનેસરા રોડનું લોકાર્પણ કર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જસદણના કૂંદણી અને કનેસરા ગામને જોડતા ૪.૩ કિલોમીટર સુધીના નવા રસ્તાના નિર્માણથી ગ્રામજનોના સમયનો બચાવ થશે અને લોકો સલામત રીતે અવરજવર કરી શકાશે.

તેમણે વધુમાં જણાવ્યુ કે કૂંદણી ગામમાં તળાવ બનવાના લીધે આસપાસના ખેડુતોને ખેતી માટે પાણી ઉપલબ્ધ કરાવી શકાયું છે. કૂંદણીથી પારેવડા ગામ તરફ જતાં રસ્તાના કામની મંજૂરી ટૂંક સમયમાં કરાશે.

આ ઉપરાંત, જસદણ અને વિંછીયાના વિદ્યાર્થીઓને કોલેજ, વિજ્ઞાન પ્રવાહની શાળાઓ અને **I.T.I.** સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

---

# NATIONAL SPORT DAY

'રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે ગીર સોમનાથ જિલ્લામાં ત્રિ-દિવસીય રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં **29**થી **31** ઑગસ્ટ દરમિયાન સાયક્લોથોન વોલીબોલ, હોકી, રસ્સાખેંચ સહિતની રમતોનું આયોજન કરાયું છે.

રમતોત્સવની ઉજવણી સંદર્ભે કલેક્ટર શ્રી એન.વી. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે..

# બાઈટ – કલેક્ટર એન.વી.ઉપાધ્યાય

જિલ્લાના તમામ લોકો ઉત્સાહભેર આ ઉત્સવમાં ભાગ લે તેવી રજૂઆત કલેક્ટર કરી છે.

દેશભરમાં મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મ જયંતિના દિવસને 'રાષ્ટ્રીય રમત-ગમત દિવસ' (નેશનલ સ્પોર્ટ્સ ડે) તરીકે ઉજવવામાં આવે છે.

---